જા.નં./RMSA/ન.શિ.નીતિ/ ૨૦૨૧/15692
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૨૬ /૧૧/૨૦૨૧

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું.

(એચ.એચ. રાજ્યગુરૂ)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જીલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓ તરફ,
જી.સુરત

शिक्षा का अधिकार

समग्र शिक्षा

सबको शिक्षा, अच्छी शिक्षा


**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**

સમગ્ર શિક્ષા

સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર-૧૭

ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત.

ફોન : (૦૭૯) ૨૯૧૩૨૮૧૩

E-mail : aspdssaguj@gmail.com

Toll Free Mo. : 1800-233-1966


---

ક્રમાંકઃ SSA/ક્યુ.ઇ. /2021/૩૮૮૩૫ - ૮૭૪ તા. ૨૫/૧૧/૨૦૨૧

પ્રતિ,

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી
અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેક્ટ કચેરી,
જિ. તમામ

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ. તમામ

(૩) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી
અને
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
કોર્પોરેશનઃ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષયઃ નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત એકલવ્ય કાર્યક્રમમાં શિક્ષકોને જોડવા બાબત.**

**સંદર્ભઃ MoE, ભારત સરકારના DO.No.1-4/2021-IS.8 તા.23-09-2021**

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આપશ્રીને જણાવવાનું કે નેશનલ એજ્યુકેશન પોલિસી 2020 વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, મુક્ત વિચારશૈલી, વૈચારિક સમજણ અને અધ્યયન પદ્ધતિઓના વિકાસ પર ભાર મૂકે છે. આ દ્રષ્ટિકોણ તરફના પ્રયાસરૂપે, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન(CBSE) દ્વારા IIT ગાંધીનગરના સહયોગથી 'એકલવ્ય' શ્રેણી શરૂ કરવામાં આવી રહી છે.

'એકલવ્ય' એ એક ઓનલાઈન ઇન્ટરેક્ટિવ શૈક્ષણિક કાર્યક્રમ છે જેમાં વિવિધ પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટ અને મોડેલનો સમાવેશ થાય છે. જે વિષય-વસ્તુની વૈચારિક સમજણ વિકસાવવામાં મદદ કરે છે. આ ઉપરાંત, વિચાર પ્રેરક પ્રશ્નો અને એસાઇનમેન્ટ કે જે સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કરીને મુક્ત વિચારશૈલી, સર્જનાત્મકતા વિકસાવવા અને પ્રેરણાદાયી DIY (સ્વ-પ્રવૃત્તિ -Do It Yourself) પ્રોજેક્ટ વિડીયો તૈયાર કરવા માટે પ્રેરણા આપે છે. આ શ્રેણી શિક્ષકો અને વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક પ્રકૃતિ અને ક્ષમતાઓથી સજ્જ કરવામાં મદદ કરશે.

'એકલવ્ય' કાર્યક્રમમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ નીચેની સૂચના મુજબ ભાગ લઇ શકશે:

1. 'એકલવ્ય' કાર્યક્રમ અંતર્ગત ધોરણ વાર અભ્યાસક્રમ મુજબ વિજ્ઞાન અને ગણિત વિષયની વિવિધ શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ છે. તેથી, તમામ વિદ્યાર્થીઓ આ તકનો અચૂક લાભ લેવા રજીસ્ટ્રેશન કરી શકે છે.
2. 'એકલવ્ય' શ્રેણી અંતર્ગત શિક્ષકો હોમવર્ક સબમિટ કરીને આ કોર્ષને સફળતાપૂર્વક પૂર્ણ કરે તો તે શિક્ષક ક્ષમતા નિર્માણ માટેના તાલીમ કાર્યક્રમના 30 કલાકની સમકક્ષ ગણવામાં આવશે.
3. કોર્ષ પૂર્ણ કર્યા બાદ સ્વેચ્છાએ પ્રમાણપત્રમેળવવા ઇચ્છતા હોય તેમણે નિયત ફી ચૂકવીને પ્રમાણપત્ર મેળવી શકાશે.
4. આંતરરાષ્ટ્રીય સ્તરે વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટેનો વિશ્વવ્યાપી કાર્યક્રમ PISA (Programme for International Student Assessment) અંતર્ગત ગુજરાત રાજય પણ ભાગ લેવા જઇ રહ્યું છે ત્યારે આ કાર્યક્રમ PISA અંતર્ગત સારા પ્રદર્શન માટે મદદરૂપ થશે.
5. રજીસ્ટ્રેશન માટેની Url : https://eklavya.iitgandhinagar.ac.in/static/
6. ઉપરોક્ત લીંક પર જવાથી રજીસ્ટ્રેશન ફોર્મ ખૂલશે, જેની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.
7. આ સાથે સામેલ રજીસ્ટ્રેશન ફોર્મમાં દર્શાવ્યા મુજબ First Name ફિલ્ડમાં શિક્ષકના નામની જગ્યાએ શિક્ષકનો કોડ (એટેન્ડન્સ અને ટીચર પોર્ટલ મુજબ) તેમજ School / College ફિલ્ડમાં શાળાના નામની જગ્યાએ શાળાનો UDISE કોડ (11 Digit) લખવાનો રહેશે.

આથી આપના તાબા હેઠળની તમામ શાળાઓના ગણિત-વિજ્ઞાન શિક્ષકોને ઉપરોક્ત કાર્યક્રમમાં અચૂક ભાગ લે તે સુનિશ્ચિત કરવા આપની કક્ષાએથી યોગ્ય આદેશ તથા સમીક્ષા કરવા જણાવવામાં આવે છે.

**બિડાણઃ રજીસ્ટ્રેશન ફોર્મની નકલ**

સચિવ

સમગ્ર શિક્ષા, ગાંધીનગર

Scan or Click

For Registration

# એકલવ્ય કાર્યક્રમ અંતર્ગત ઓનલાઇન રજીસ્ટ્રેશન માટેની પ્રક્રિયા

**Url : https://eklavya.iitgandhinagar.ac.in/static/**

Scan or Click

To know Teacher Code

1. સૌ પ્રથમ ઉપર આપેલ વેબ એડ્રેસ પર જઇ/QRCode સ્કેન અથવા ક્લીક કરવાથી રજીસ્ટ્રેશન માટેનું પોર્ટલ ઓપન થઇ જશે.
2. વેબ પોર્ટલ ઓપન થયા બાદ નીચે મુજબનું પેજ આવશે.







3. શિક્ષકનો કોડ જાણવા માટે ઉપર જમણી બાજુ આપેલ ઓનલાઇન એટેન્ડન્સ પોર્ટલનો QRCode સ્કેન અથવા ક્લીક કરવાથી શાળાનું લોગીન કરીને જાણી શકાશે.
4. એકલવ્ય કાર્યક્રમ અંતર્ગત ઓનલાઇન રજીસ્ટ્રેશન માટેની લીંક (ઉપર ડાબી બાજુ) પર ક્લીક કરવાથી નીચે દર્શાવેલ રજીસ્ટ્રેશન પેજ ઓપન થશે.

**Registration form**

Sign up and start learning.

| Field | Input | Instruction |
|---|---|---|
| * First name: | First name | અહીં શિક્ષકના નામની જગ્યાએ શિક્ષકનો કોડ લખવો. (ઓનલાઇન એટેન્ડન્સમાં જે શિક્ષક કોડ આપેલ છે તેજ લખવો. |
| Last name: | Last name | અહીં ખાલી રાખવું. |
| * Email: | Email | ઇ-મેઇલ આઇ.ડી. લખવું. |
| * Confirm Email Address: | Re-enter Email ID | ઉપર લખેલ ઇ-મેઇલ આઇ.ડી. ને ફરી અહીં લખવું. |
| * Mobile: | Enter your 10 digit mobile | મોબાઇલ નંબર લખવો. |

## Registration form

Sign up and start learning.

* Password: [Password] → એકલવ્ય પોર્ટલ પર લોગીન થવા માટેનો નવો પાસવર્ડ લખવો.

* Confirm password: [Re-Type Password] → ઉપર લખેલ પાસવર્ડને ફરી અહીં લખવો.

* Board: [Gujarat State Board]

* Country: [India]

* State: [Gujarat]

* District: [Select City] → રજીસ્ટ્રેશન કરનારનો જે જિલ્લો હોય તે પસંદ કરવો.

* Type of Institution: [Select] → અહીં શાળાના મેનેજમેન્ટનો જે પ્રકાર હોય તે પસંદ કરવો.
Government / Government Aided / Private

* I am a: [Select] → અહીં શિક્ષકના રજીસ્ટ્રેશન માટે Teacher અને વિદ્યાર્થીના રજીસ્ટ્રેશન માટે Student પસંદ કરવું.

School / College: [Enter your School/ College] → અહીં જે શાળામાં તમે ભણાવતા/ભણતા હોય તે શાળાનો UDISE કોડ લખવો. (11 અંકનો)

* Got to know about the program by: [Select] → આ માહિતી તમને કોના માધ્યમથી મળી ? તેમાં Other પસંદ કરવું.

Certificate from IIT and CBSE ?: Yes ◉ No ○

Participation Certificate for all modules (Rs 100+18 %GST) ☐
Certificate of Competency for whole course (Rs 100+18 % GST) ☐ → અહીં ક્લીક કરવાનું નથી.

I agree to Terms and Conditions of the program ☐ → અહીં ક્લીક કરવું.

☐ I'm not a robot (reCAPTCHA Privacy - Terms) → અહીં ક્લીક કરવું.

**PAY FOR CERTIFICATE** → સંપૂર્ણ વિગતો ભર્યા બાદ અહીં ક્લીક કરવું.

Already have an account? Login